**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૨/૨૧-૨૨/૫૪૨૫-૬ તા.૨૦-૦૯-૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૪/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : **સાકડેચા કપીલાબેન જયેશભાઈ** ગામ: **રાજકોટ**
પેટા વિભાગીય કચેરી : સોરઠીયાવાડી
રજૂઆત કરનાર : **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી જીતેન જયેશભાઈ સાકડેચા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧
રજૂઆત કરનાર : શ્રી કે.બી.શાહ કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ તથા શ્રી એ.એન.રાઠોડ નાયબ અધિક્ષક પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી સોરઠીયાવાડી રાજકોટ હાજર રહેલ.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી
૩) મેમ્બર ટેકનીકલ - શ્રી પી.એચ.માવાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૭-૦૯-૨૧ (મંગળવાર)

**૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭-૦૯-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.**

## :: અરજદારની રજૂઆત ::

**૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ સોરઠીયાવાડી પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૩૧૭૦૧/૫૭૪૧૧/૦ થી ૭.૫ KW લોડ થી ૦૩ ફેઈજ ઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં બિલીંગ કરવા આવતા મીટરરીડર દ્વારા અરજદારને એવું જણાવાયેલ કે તેઓનું મીટર ફાસ્ટ છે. જેથી અરજદાર**

દ્વારા સલંગ્ન કચેરી ખાતે રૂબરૂ જઈને અધિકારી સાથે મીટર બદલવા માટે વાત કરી તા.૧૯.૦૪.૨૦૨૧ જરૂરી ચાર્જ ભરપાઈ કરી અરજી કરેલ.

૨.૧ ઉપરોક્ત બાબતે અરજદારનું મીટર તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ બદલી કરવામાં આવેલ. સદર મીટરનું તા.૨૫.૦૫.૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ કરતા મીટરની સ્થિતિ બરાબર જણાયેલ. જેનો લેબરીપોર્ટ અરજદારને આપવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મીટરરીડર રૂટીન બીલ બનાવવા આવેલ ત્યારે તે માહે જુલાઈ-૨૦૨૧ ના બીલમાં રૂ.૬૬૦૮૬.૩૪ ચડત આવેલ હતા. સદર ચડત રકમના અનુસંધાને અરજદાર દ્વારા સલંગ્ન કચેરી ખાતે રજૂઆત કરી સદર ચકાસાયેલ મીટરનો **MRI** માંગતા જેતે અધિકારી દ્વારા **MRI** આપવાની ઘસીને ના પાડી દીધેલ.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની સ્થિતિને લીધે ધંધા પણ સાવ બંધ છે. જેના લીધે ઘણા લોક બીલ પણ આવેલ છે. વધુમાં સદર ચડત રકમ બાબતે અને **MRI** બાબતે અરજદાર દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવા છતાં સલંગ્ન કચેરીના અધિકારી દ્વારા **MRI** રીપોર્ટ શા માટે આપવામાં આવેલ નથી?

૨.૩ પી.જી.વી.સી.એલ.ના અધિકારી દ્વારા અરજદારને નિયમાધીન નોટીંગ અને નકલ આપવી જોઈએ પરંતુ તેનું પાલન થતું નથી. તેમજ ગ્રાહકો ને સાચી સમજણ અપાતી નથી અને જેને લીધે ગ્રાહક અને અધિકારી વચ્ચે ઘર્ષણ ઉભું થાય છે. અરજદાર જણાવે છે કે જો સદર વિવાદ વાળું મીટર પી.જી.વી.સી.એલ.ના નિયમો મુજબ બરાબર હશે તો તેઓ સદર વીજબીલમાં ચડત થઈને આવેલ રકમ નિયમાધીન પાવરનો વપરાશ કરેલ હોય તો સદર બીલ ની રકમ ભરપાઈ કરવા ખાતરી આપેલ છે અન્યથા જો અરજદારનું મીટર બરાબર હોય તો સદર રકમ રદ કરવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૪ અરજદાર દ્વારા તા.૧૪-૦૯-૨૧ થી લેખિત રજૂઆત આપેલ છે, તે મુજબ તેઓનું સદર વીજજોડાણ તા.૦૮-૦૧-૧૯૯૯ થી ધરાવે છે તેમજ નામદાર જીઈઆરસીના નિયમ મુજબ મીટર ખામી યુક્ત જણાયતો રીપોર્ટ કર્યા બાદ બદલાવવું જરૂરી છે અથવા દર ૦૫ વર્ષે મીટર બદલાવવું જોઈએ જે કામગીરી થયેલ નથી.

મીટરરીડર દ્વારા દર મહીને રેગ્યુલર બીલ આપવામાં આવે છે તે મુજબ વપરાશ થયેલ નથી અને મીટર બદલ્યા બાદ પણ વપરાશ આવેલ નથી. આમ, સદર જોડાણમાં વપરાશ ન હોવા છતાં ચાલુ આવેલ છે.

તા.૦૭-૦૯-૨૦૨૧ ના રોજ ફોરમ સુનાવણી દરમ્યાન સદર એમ.આર.આઈ. અહેવાલ આપેલ હોય તે ડેટા માનવા જોગ નથી જેની વિગત નીચે મુજબ આપેલ છે.

મીટર કંપની **– L & T –** મીટર સીરીયલ નં – ૦૮૧૩૬૦૯૫,
ડેટા રીડ ટાઈમ **– (M.R.I. / PC) 09/08/2021 – 11:52:00**
ડેટા રીડ ટાઈમ (મીટર) **17/06/2021 09:53:51**
ડેટા ડમ્પ ટાઈમ (પી.સી.) **) 10/12/2016**

એમ.આર.આઈ. અહેવાલમાં માહે એપ્રિલ માસ માં તા.૨૭-૦૪-૨૦૨૧ ના રોજ બદલાવેલ. મીટરમાં માત્ર તા.૦૧-૦૪-૨૦૨૧ ના રોજ જમ્પિંગ યુનિટ માલુમ પડે છે. તેના આગળના માસમાં એમ.આર.આઈ. અહેવાલ મુજબ વપરાશ નીલ (૦૦) બતાવે છે. જેથી મીટરમાં કોઈ વપરાશ થયેલ નથી તેમ ફલિત થાય છે. **L & T –** કંપનીના ટ્રાય વેક્ટર મીટર **–ER-300P** ના મીટરમાં એમ.આર.આઈ. લેવામાં આવેતો - એમ.આર.આઈ.નો ડેટા ૦૧ વર્ષનો મળી શકે છે. જયારે એમ.આર.આઈ.માં માત્ર ૦૫ માસનો જ ડેટા બતાવેલ છે.

મીટરમાં ટેકનીકલ ફોલ્ટ કે જમ્પિંગ થયેલ હોય તો તે માટે સંપૂર્ણ એમ.આર.આઈ. ડેટા જરૂરી હોય જે બન્ને પક્ષે માન્ય રાખી શકાય, જેથી મીટરનો સંપૂર્ણ એમ.આર.આઈ. ડેટા આપવા અરજદારે રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે સોરઠીયાવાડી સબડીવીઝનના ગ્રાહક શ્રીમતી કપીલાબેન જયેશભાઈ સાકડેચા, ગ્રાહક નં.31701/57411/0, લોડ-7.5 કી.વોટ, ટેરીફ - એન.આર.જી.પી. ના કનેકશનમાં વીજબિલમાં માહે જૂન 2021 માં 66086.34 રૂપિયા ઉધારવામાં આવેલ છે જે બાબતે અરજદાર દ્વારા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે

૩.૧ ગ્રાહક દ્વારા તેઓનું વીજમીટર ફાસ્ટ હોવા બાબતે મીટર નં ૦૮૧૩૬૦૯૫ બદલાવવાની અરજી તા.19/04/2021 ના રોજ જરૂરી ચાર્જ રસીદ નંબર 766448 થી ભરપાઈ કરેલ. જે અનુસંધાને તા.27/04/2021 ના રોજ સદર વીજમીટર સોરઠીયાવાડી સબડીવીઝનના કચેરીના અધિકારી દ્વારા ગ્રાહકના પ્રતિનિધિ તરીકે શ્રી સચિનભાઈ ભરતભાઇ પંચાસરાની હાજરીમાં વીજમીટર બદલાવવાની કાર્યવાહી કરી અને વધુ તપાસ અર્થે જુનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં મોકલવામાં આવેલ હતું. અને નવું મીટર લગાડી આપવામાં આવેલ હતું.

૩.૨ તા.25/05/2021 ના રોજ મીટર ટેસ્ટિંગ લેબોરેટરીમા ગ્રાહક પ્રતિનિધિ તરીકે શ્રી જિતેનભાઇ જયેશભાઈ સાકડેચાની હાજરીમાં મીટરનું લેબ પરીક્ષણ કરવામાં આવેલ હતું. જે મુજબ મીટર આંતરિક રીતે યોગ્ય હતું અને કોઈ ખામી જણાયેલના હતી. અને મીટરનો લેબપરીક્ષણ રોપોર્ટ બરાબર આવેલ હતો હાજર પ્રતિનિધિ દ્વારા સદર ચકાસણીથી સંતુષ્ટ થઈ ને અહેવાલમાં તેઓની સહી પણ કરેલ હતી. અને મીટરનો લેબપરીક્ષણ રીપોર્ટ નં **RCD-1 007454** તા.25/05/2021 ની નકલ પણ શ્રી જિતેનભાઇ જયેશભાઈ સાકડેચા ને નિયમ અનુસાર લેબોરેટરી માંથી આપવામાં આવેલ હતી.

૩.૩ લેબપરીક્ષણના રીપોર્ટના અનુસંધાને જે મીટરમાં નોંધાયેલા છેલ્લા યુનિટ એટલે કે **KWH=12879**, મુજબ અને માહે એપ્રિલ ૨૧ સુધીના વપરાશ થયેલ અગાઉના રીડીંગ ૩૦૩૧ ના તફાવતીય યુનિટ ૯૮૪૮ અને નવા મીટર વપરાશના ૩૧ યુનિટ મળી કુલ ૯૮૭૯ યુનિટનું માહે મે-૨૦૨૧ માં મીટર ચેન્જ સાથે માં કુલ રૂ.૬૬૨૯૫.૩૦ નું રેગ્યુલર બિલ આકારવામાં આવેલ હતું.

૩.૪ સદર બિલની સામે અરજદાર દ્વારા વાંધા અરજી તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ આપેલ અને બિલ માન્ય નથી તેમજ મીટર ફરીથી લેબ તપાસણી કરવા જણાવેલ. જેથી મીટર નો એમ આર આઈ રિપોર્ટ મેળવેલ જે મુજબ પણ છેલ્લા રીડીંગ ૧૨૮૭૯.૯૧ નોંધાયેલ હતા.

૩.૫ ઉપરોક્ત બાબતે સોરઠીયાવાડી સબડિવીઝન દ્વારા તા.૨૯.૬.૨૧ અને તા.૨૩.૭.૨૧ ના લેખિત પત્રોથી અરજદારને વિગતવાર પ્રત્યુતર આપવામાં આવેલ કે બિલ કંપનીના નિયમોનુસાર યોગ્ય હોય અને મીટરનું લેબ પરીક્ષણ તેમના પ્રતિનિધિની હાજરીમા કરવામાં આવેલ હતું જેથી બિલ ભરી જવા જણાવાવમાં આવેલ. વધુમાં ત્યારબાદ અવારનવાર ગ્રાહકનો સબડિવીઝન કચેરી દ્વારા બાકી લેણાંની રકમ ભરપાઈ કરવા માટે ટેલિફોનિક જાણ કરવામાં આવેલ હતી પરંતુ ગ્રાહક દ્વારા કોઈ સંતોષકારક પ્રત્યુતર ના મળતા અને અરજદાર દ્વારા બાકી લેણાં ભરપાઈ ના થયા હોવાથી આગમચેતીના ભાગ રૂપે તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ કેવીએટ દાખલ કરવામાં આવેલ છે.

૩.૬ વધુમાં ગ્રાહક વિભાગીય કચેરીમાં તા.૦૪/૦૮/૨૦૨૧ ના રોજ રૂબરૂ બોલાવવામાં આવલે અને તેમની રજૂઆત મુજબ, સોરઠીયાવાડી સબડિવીઝનના નાયબ ઈજનેરને એમઆરઆઈ માટે લેખિત અરજી આપવા જણાવેલ

પરંતુ આજ દીન સુધી ગ્રાહક  દ્વારા એમ..આર.આઈ. રિપોર્ટ માટે કોઈ લેખીત અરજી કરેલ નથી. તેમ છતાં હજુ ગ્રાહક દ્વારા કોઈ લેખિત અરજી એમ..આર.આઈ. રિપોર્ટ માટે મળ્યા બાદ આગળની કાર્યવાહી અચૂક કરવામાં આવશે. સોરઠીયાવાડી સબડિવીઝન દ્વારા પણ અરજદારને રૂબરૂ કચેરીએ આવી લઈ જવા જણાવેલ હતું પરંતુ તેઓ આવેલ નથી.

૩.૭ ગ્રાહકનું લેજર એકાઉન્ટ ૧૪૫ પીઆરટી ચકાસતા વધુ સમયના બિલો લોક સ્ટેટ્સમાં આપવામાં આવેલ છે ગ્રાહક દ્વારા બિલની નિયમિત ચુકવણી કરવામાં આવેલ છે. પરંતુ મીટરનાં યુનિટ કે રીડીંગ બાબતે આ અગાઉ ક્યારેય રજૂઆત કરવામાં આવેલ નથી. માર્ચ ૨૦૧૨ સુધીમાં ૧૧૦ માસિક બિલ માંથી માત્ર ૧૪ વખત મીટરના પ્રેઝન્ટ રીડીંગમાં વધારો જોવા મળેલ છે. આમ સદર કેસ સ્પષ્ટ રીતે પેન્ડીંગ યુનિટનો હોય કંપનીના નિયમોનુસાર અરજદાર ગ્રાહક ને અપાયેલ બિલ યોગ્ય હોય રકમ ભરપાઈ કરવા જવાબદાર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર સોરઠીયાવાડી સબડીવીઝન હેઠળ શ્રીમતી કપીલાબેન જયેશભાઈ સાકડેચા ના નામે તા.૦૮-૦૧-૧૯૯૯ થી ગ્રાહક નં. ૩૧૭૦૧/૫૭૪૧૧/૦ થી ૭.૫ કી.વો. કરારિત વીજભાર અને એન.આર.જી.પી. ટેરીફનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારના વીજબિલમાં માહે જૂન-૨૦૨૧માં રૂ.૬૬૦૮૬.૩૪ ઉધારવામાં આવેલ છે જે બાબતે અરજદાર દ્વારા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.3 ગ્રાહક દ્વારા તેઓનું વીજમીટર ફાસ્ટ હોવા બાબતે મીટર નં ૦૮૧૩૬૦૯૫ બદલાવવાની અરજી તા.19/04/2021 ના રોજ જરૂરી ચાર્જ રસીદ નંબર 766448 થી ભરપાઈ કરેલ. જે અનુસંધાને તા.27/04/2021 ના રોજ ચેકિંગ શીટ નં: - આર.સી.સી. – ૧૧૧૬૩૮ મુજબ સદર વીજમીટર સોરઠીયાવાડી સબડીવીઝનના કચેરીના અધિકારી દ્વારા ગ્રાહકના પ્રતિનિધિ શ્રી સચિનભાઈ ભરતભાઇ પંચાસરાની હાજરીમાં વીજમીટર બદલાવેલ જેની વિગત નીચે મુજબ છે.

મીટર કંપની – **L & T** – મીટર

મીટર સીરીયલ નં – ૦૮૧૩૬૦૯૫, મીટર કેપેસીટી – ૧૦-૬૦ એમ્પીયર,

**KWH** રીડીંગ – **12879**

જોડેલ વીજભાર – **4.01 KW**

૪.૪ ઉપરોક્ત બદલાવેલ જુનું મીટર સીરીયલ નં – ૦૮૧૩૬૦૯૫, મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં મોકલવામાં આવેલ હતું જેનું પરીક્ષણ તા.૨૫-૦૫-૨૦૨૧ ના રોજ અરજદારના પ્રતિનિધિ શ્રી જીતેન જયેશભાઈ સાકડેચાની હાજરીમાં કરવામાં આવેલ હતું. જેના લેબ રીપોર્ટ મુજબ – રીડીંગ **12879 KWH** અને મીટર બરાબર છે તેવી નોંધ છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૯-૦૬-૨૦૨૧ ના રોજ મીટરમાં નોંધાયેલ **KWH** રીડીંગ – **12879** મુજબ જૂન-૨૦૨૧ના વીજબીલમાં રૂ.૬૬૦૮૬.૩૪ ઉધારવામાં આવેલ છે જે સમયસર ભરપાઈ કરવા અરજદારને લેખિત જાણકારી આપેલ છે. ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૩-૦૭-૨૧ ના રોજ સદર બાકી રકમ તા.૧૦-૦૮-૨૦૨૧ સુધીમાં ભરપાઈ કરવી અન્યથા કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવાની લેખિત જાણકારી અરજદારને આપેલ છે.

૪.૫ ફોરમ મીટીંગ સુનાવણી તા.૦૭-૦૯-૨૧ ના રોજ અરજદારની રજૂઆત મુજબ - પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રૂબરૂમાં એમ.આર.આઈ. અહેવાલની નકલ આપવામાં આવેલ છે.

**૪.૬ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ફોરમ સમક્ષ રજુ કરેલ સદર સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા નીચે મુજબના પેરા મીટર ધ્યાને આવેલ છે.**

**મીટર કંપની – L & T**

**મીટર સીરીયલ નં – ૦૮૧૩૬૦૯૫,**

ડેટા ડમ્પ ટાઈમ (પી.સી.) **) 17/06/2021 10:12:16**

ડેટા રીડ ટાઈમ **09/06/2021 11:52:00**

| Parameter | Value |
|---|---|
| Fwd.kvah | 20921.46 |
| Fwd.kvarh Lead | 949672.95 |
| Fwd.kvarh Lag | 949672.95 |
| Fwd.kwh | 12879.91 |
| Rev.kvah | 74.36 |
| Rev.kvarh Lead | 949672.95 |
| Rev.kvarh Lag | 0.00 |
| Rev.kwh | 309.72 |

૪.૭ **સદર** મીટરના એમ.આર.આઈ. અહેવાલનો **અભ્યાસ કરતા મીટરના પેરામીટર્સ જેવાકે Fwd.kvarh Lead Fwd.kvarh Lag અને Rev.kvarh Lead માં કોડ 949672.95 ની નોંધ થયેલ છે. આ સંજોગોમાં** મીટરના એમ.આર.આઈ. અહેવાલનો વિગતવાર અભ્યાસ કરીને તેમજ અન્ય આનુષંગિક આધાર-પુરાવા લક્ષમાં લઈને પી.જી.વી.સી.એલ.ની પ્રર્વતમાન **ગાઈડલાઈન મુજબ જરૂરી કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે. સદર ફરિયાદનો હાલના તબ્બકે ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થઇ શકે નહિ.** ફરિયાદીની અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.એચ.માવાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |